"મિશન શક્તિ" યોજનાના અમલીકરણની મુદ્દત,
લંબાવવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/WOW/e-file/23/2022/1042/A
સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા :

(૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૧૪/૦૭/૨૦૨૨ ના પત્ર ક્રમાંક. WW-23/1/2021-WW થી જાહેર "મિશન શક્તિ" યોજનાની નવી માર્ગદર્શિકા ૨૦૨૨.

(૨) વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/WOW/e-file/23/2022/1714/A તા.૧૯.૦૫.૨૦૨૩

(૩) વિભાગનો ઠરાવ ક્રમાંક: WCD/WOW/e-file/23/2022/1659/A તા.૨૪.૦૨.૨૦૨૩

(૪) વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/AWR/e-file/23/2023/0032-A તા.૨૮.૦૨.૨૦૨૩

(૫) વિભાગનો ઠરાવ ક્રમાંક: WCD/wow/ e-file/23/2022/1042/A તા.૨૪.૦૨.૨૦૨૩

(૬) વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/1698/A તા.૨૩.૦૬.૨૦૨૩

(૭) વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/WOW/e-file/23/1697/A તા.૨૯.૦૫.૨૦૨૩

(૮) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૦૯/૦૪/૨૦૨૬ ના પત્ર નં. F. NO. IFD/11/2020-IFD

(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૭/૦૪/૨૦૨૬નો પત્ર ક્રમાંક: WCDWW/CMSY/e-file/260/2026/0111/YOJNA-2

પ્રસ્તાવના :

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ ભારત સરકારની મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા અન્વયે સંબલ કમ્પોનન્ટ હેઠળ વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૪) સામે દર્શાવેલ ઠરાવથી વન સ્ટોપ સેન્ટર, બેટી બચાઓ બેટી પઢાઓ અને મહિલા હેલ્પલાઈન તથા સામર્થ્ય કમ્પોનન્ટ હેઠળ વંચાણે લીધેલ ક્રમાંક (૫) થી (૭) સામે દર્શાવેલ ઠરાવથી સ્ટેટ/ડિસ્ટ્રીક્ટ હબ ફોર અમ્પાવરમેન્ટ ઓફ વીમેન, સખી નિવાસ અને શક્તિ સદન યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાનો સમયગાળો ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થતો હોઈ, વંચાણે લીધેલ ક્રમાંક (૮)સામે દર્શાવેલ પત્રથી ભારત સરકાર દ્વારા મિશન શક્તિ યોજનાને ૬ મહિના એટલે કે ૩૦.૦૯.૨૦૨૬ સુધી અથવા ૧૬માં નાણા આયોગમાં પુન:મૂલ્યાંકન/મંજૂરી (બંને માંથી જે વહેલું હશે તે સમય) મળે તે સમયગાળા સુધી લંબાવવામાં આવેલ છે. જેથી વંચાણે લીધેલ ક્રમાંક (૯) સામે દર્શાવેલ પત્રથી નિયામકશ્રી(મ.ક) ની કચેરી દ્વારા મુદ્દત વધારાની મંજૂરી આપવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે " મિશન શક્તિ" અમ્બ્રેલા યોજના અંતર્ગત સંબલ અને સામર્થ્ય હેઠળની યોજનાઓની

એપ્રિલ ૨૦૨૬થી વધુ ૬ માસ એટલે કે તા.૩૦/૦૯/૨૦૨૬ સુધી અથવા ભારત સરકારના આગામી સૂચના પૈકી જે વહેલુ હોય ત્યાં સુધી લંબાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત યોજનાઓ હેઠળ માન્ય એજન્સી મારફત એનેક્ષર-૧ મુજબ આઉટસોર્સથી મેનપાવરની સેવાઓ મેળવવાની રહેશે.

લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતનથી ઓછા ન હોય તેટલા મહેનતાણા આઉટસોર્સીગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૬/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(નિર્વિશા પુરોહિત)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ(બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

**ANNEXURE-1**

| યોજનાનું નામ | જગ્યાનું નામ અને સંખ્યા | માસિક ખર્ચ (પગાર+GST+અન્ય ચાર્જ સહિત) | છ માસનો ખર્ચ |
|---|---|---|---|
| વન સ્ટોપ સેન્ટર | કેન્દ્ર સંચાલક<br>જગ્યા-૧ | ૩૩૬૦૦ | ૨,૦૧,૬૦૦ |
| | કેસ વર્કર<br>જગ્યા-૨ | ૪૮૦૦૦ | ૨,૮૮,૦૦૦ |
| | પેરા લીગલ કાર્યકર/વકીલ<br>જગ્યા-૧ | ૨૧૬૦૦ | ૧,૨૯,૬૦૦ |
| | પેરા મેડિકલ વર્કર<br>જગ્યા-૧ | ૨૧૬૦૦ | ૧,૨૯,૬૦૦ |
| | મનો સામાજીક કાઉન્સેલર<br>જગ્યા-૧ | ૨૧૬૦૦ | ૧,૨૯,૬૦૦ |
| | ઓફિસ આસિસ્ટન્ટ | ૧૪૪૦૦ | ૮૬,૪૦૦ |
| | મલ્ટી પર્પઝ સ્ટાફ/કુક<br>જગ્યા-3 | ૩૬૦૦૦ | ૨,૧૬,૦૦૦ |
| | સિક્યોરીટી ગાર્ડ<br>જગ્યા-૩ | ૩૬૦૦૦ | ૨,૧૬,૦૦૦ |
| સ્ટેટ હબ ફોર એમ્પાવરમેન્ટ | સ્ટેટ મિશન કોઓર્ડિનેટર<br>જગ્યા-૧ | ૬૦૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| | જેન્ડર સ્પેશિયાલિસ્ટ<br>જગ્યા-૨ | ૭૨૦૦૦ | ૪,૩૨,૦૦૦ |
| | રીસર્ચ & ટ્રેનીંગ સ્પેશિયાલિસ્ટ<br>જગ્યા-૨ | ૫૮૮૦૦ | ૩,૫૨,૮૦૦ |
| | એકાઉન્ટ આસીસ્ટન્ટ<br>જગ્યા-૧ | ૧૬૮૦૦ | ૧,૦૦,૮૦૦ |
| | ઓફિસ આસિસ્ટન્ટ વિથ કમ્પ્યુટર નોલેજ<br>જગ્યા-૧ | ૧૪૪૦૦ | ૮૬,૪૦૦ |

| | | | |
|---|---|---|---|
| | એમ.ટી.એસ.<br>જગ્યા-૧ | ૧૨૦૦૦ | ૭૨,૦૦૦ |
| ડિસ્ટીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ | ડીસ્ટ્રીક્ટ મિશન કોઓર્ડિનેટર<br>જગ્યા-૧ | ૪૨૦૦૦ | ૨,૫૨,૦૦૦ |
| | જેન્ડર સ્પેશિયાલિસ્ટ<br>જગ્યા-૨ | ૬૦૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| | સ્પેશિયાલિસ્ટ ઇન ફાઇનાન્સીયલ લીટરસી<br>જગ્યા-૧ | ૨૪૪૦૦ | ૧,૪૬,૪૦૦ |
| | એકાઉન્ટ આસીસ્ટન્ટ<br>જગ્યા-૧ | ૧૬૮૦૦ | ૧,૦૦,૮૦૦ |
| | ડી.ઇ.ઓ.વર્ક<br>જગ્યા-૧ | ૧૪૪૦૦ | ૮૬,૪૦૦ |
| | એમ.ટી.એસ.<br>જગ્યા-૧ | ૧૨૦૦૦ | ૭૨,૦૦૦ |
| સખી નિવાસ | સખી નિવાસ મેનેજર<br>જગ્યા-૧ | ૧૮૦૦૦ | ૧,૦૮,૦૦૦ |
| | ગૃહમાતા (વોર્ડન)<br>જગ્યા-૧ | ૧૨૦૦૦ | ૭૨,૦૦૦ |
| | આયા (કેર-ટેકર)<br>જગ્યા-૩ | ૩૦૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| | સિક્યુરીટી ગાર્ડ<br>જગ્યા-૩ | ૨૪૦૦૦ | ૧,૪૪,૦૦૦ |
| શક્તિ સદન | નિવાસી અધિક્ષક(સુપરવાઇઝર)<br>જગ્યા-૧ | ૨૫૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| | ઓફિસ આસિસ્ટન્ટ<br>જગ્યા-૧ | ૧૫૦૦૦ | ૯૦,૦૦૦ |
| | મલ્ટી પર્પઝ સ્ટાફ<br>જગ્યા-૨ | ૨૦૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | રસોઇયા<br>જગ્યા-૨ | ૨૦૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| | સિક્યોરીટી ગાર્ડ<br>જગ્યા-૩ | ૨૭૦૦૦ | ૧,૬૨,૦૦૦ |
| કુલ ખર્ચ | | ૮૨૭૪૦૦ | ૪૯,૬૪,૪૦૦ |